# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/30/ક્વા-૪/૧૯-૨૦/ ૧૭૮૭-૨ તા.૧૨-03-૨૦૨૦**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- 30/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: જશ મેટલ. , ગામ - શાપર(વેરાવળ) સબડીવીઝન : વેરાવળ-શાપર
રજૂઆત કરનાર: અરજદાર શ્રી હેતલ કરદાણી અને સર્તીક્કુમાર વામજા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એલ.કે. પરમાર- પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૪-03-૨૦૨૦ (બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી ૦૪-03-૨૦૨૦ (બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, - અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, -ગ્રાહક નંબર ૨૮૭૮૮ થી એચ.ટી. વીજ જોડાણ ધરાવે છે જેમાં ડિસેમ્બર 2019 ના બિલમાં રૂ. ૬૦૦૦૬૦.૯૨ ની રકમ વધારાની ચડાવેલ છે જે માટે ડિવિઝન ઓફિસમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે વર્ષ 2018-19 માં ડિમાન્ડ વધારે વપરાશ કરેલ છે જેનું ભાવપત્રક આપેલ છે જે અન્વયે પીજીવીસીએલના પત્ર તા. ૨૦.૦૭.૨૦૧૯ મુજબ શું નિયમ અથવા વિગત છે તે પત્ર નો કોઈ ખુલાસો આપેલ નથી. તેમજ વર્ષ 2018-19 માં લોડ વપરાશ વધારે કરેલ છે ત્યારે કરારીત વીજભાર ૨૦૦ કેવીએ મુજબ ચાર્જ ઉપરાંત વધારાની ડિમાન્ડના રૂપિયા 555 પ્રતિ કેવીએ મુજબ અમારા બીલમાં વસુલ કરેલ છે જે રકમ ભરપાઇ કરી આપેલ છે તેમ છતાં તારીખ ૧૦.૦૧.૨૦૨૦ ના પત્ર મુજબ રૂપિયા ૧૨૬૦૦૦

ચાર્જ ફરીથી ભરવાનો ઓર્ડર કાઢવામાં આવેલ છે જે યોગ્ય કરવા વિનંતી

માહે એપ્રિલ - ૨૦૧૯ થી જાન્યુઆરી- ૨૦૨૦ સુધી કરારિત વિજભારથી ઓછો વપરાશ આવે છે તેમજ સદર યુનિટ ભરૂડી ખાતે શિફ્ટ કરેલ છે અને જેથી કરારિત વિજભારથી વધુ વપરાશ નહી કરીએ તેની ખાતરી આપેલ છે. સદર બાબતે ન્યાય મેળવવા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- HT વીજગ્રાહક મે. જશ મેટલ, ગ્રા. નં. ૨૮૭૮૮, લોડ-૨૦૦ કેવીએ હયાત વીજજોડાણ વેરાવળ-શાપર મુકામે ધરાવે છે. સદર ગ્રાહક દ્વારા સંદર્ભ પત્ર નં. ૨ થી તેમને વર્ષ ૨૦૧૮-૧૯માં તેમના HT વીજજોડાણમાં લોડ વધારો (200+35=235KVA) વાપરવા અંતર્ગત કંપનીના સપ્લાય કોડ ૨૦૧૫ના ક્લોઝ નં ૪.૯૫ મુજબ આપવામાં આવેલ ભાવપત્રક બાબતે અરજી કરવામાં આવેલ છે.

૩.૧ ઉપરોક્ત ગ્રાહક દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં નીચે દર્શાવ્યા મુજબ કોન્ટ્રાકટેડ ડીમાંડ ૩૭૫ કેવીએ કરતા વધુ વીજ લોડ વાપરતા માલુમ પડેલ હોય તેમને પત્ર નં **RRD/REV/30 DAYS NOTICE/4576/DT:16.05.2019** થી જરૂરી નોટીસ પાઠવવામાં આવેલ છે.

| SR. NO. | MONTH | ACTUAL DEMAND | CONTRACT DEMAND | %EXCESS DEMAND |
|---|---|---|---|---|
| 1 | SEPT-18 | 230 | 200 | 15.00 % |
| 2 | OCT-18 | 235 | 200 | 17.50 % |
| 3 | NOV-18 | 242 | 200 | 21.00 % |
| 4 | DEC-18 | 236 | 200 | 18.00 % |

આમ ઉપરોક્ત HT વીજગ્રાહક દ્વારા ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ચાર વખત ૫% કે તેથી વધારે કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે વીજલોડ (200+35=235KVA) નો વપરાશ કરેલ હોય નિયમાનુસાર વધારાના વીજભાર અન્વયે પત્ર નં. RRD/T-1/HT/PROPOSAL/7707 DT.:20.06.2019 થી જરૂરી દરખાસ્ત ઉપલી કચેરીને મોકલવામાં આવેલ અને ઉપરી કચેરી દ્વારા જરૂરી મંજુરી પત્ર નં..:RRC/5928 **DT:**17.07.2019 થી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને વિભાગીયની કચેરી દ્વારા **RRD/T-1/HT/ESTIMATE/9174 DT.:20.07.2019** થી ગ્રાહકને જરૂરી ભાવપત્રક કુલ રૂ. 568189=00 નું તા.:20.07.2019 ના રોજ આપવામાં આવેલ છે. જે ભાવપત્રકની રકમ ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ નથી. સદર ભાવપત્રકમાં નીચે જણાવ્યા મુજબનો ચાર્જ વસુલ કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.નિયમાનુસાર વધારાના વીજભાર સંદર્ભે આગળની કાર્યવાહી નીચે મુજબ હાથ ધરવામાં આવેલ.

| SR. NO. | DESCRIPTION | QTY | AMOUNT RS. |
|---|---|---|---|
| 1 | REGISTRATION CHARGE | 1 | 350=00 |
| 2 | SECURITY DEPOSITE | 1 | 526189=00 |
| 3 | GETCO PRORETA CHARGES | 1 | 42000=00 |
| 4 | LINE CHARGE | 1 | 282102=00 |
| | **TOTAL AMOUNT** | | 568189=00 |

3.૨ ઉપરોક્ત ગ્રાહકશ્રી દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ મુજબ નીચે મુજબ તેમના હયાત 200 કેવીએના વીજભાર સામે વીજલોડ નોંધાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| CONTRACT DEMAND | APR-20 | MAY-20 | JUN-20 | JULY-20 | AUG-20 | SEP-20 | OCT-20 | NOV-20 | DEC-20 | JAN-20 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 200 KVA | 179 | 169 | 164 | 180 | 184 | 181 | 188 | 172 | 188 | 175 |

આમ ઉપર દર્શાવ્યા મુજબ સદર ગ્રાહકશ્રી દ્વારા ચાલુ વર્ષ 2019-20 માં એકપણ વખત કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે ડીમાંડ વાપરતા માલુમ પડેલ છે.

3.3 વધુમાં, પીજીવીસીએલ-નિગમિત કચેરીના પત્ર નંબર **PGVCL/7149** DT:16.08.2019 મુજબ, વિભાગીય કચેરી ના પત્ર નંબર RRD/512 DT:10.01.2020 થી ગ્રાહકશ્રી ને ભાવપત્રક ની રકમ રૂ. 568189=00 અથવા (4.95 ની નવી ગાઈડ લાઇન મુજબ) રકમ રૂ. 126000=00 બે વર્ષના મિનિમમ ચાર્જ પેટે (જરૂરી બાહેંધરી સાથે) ભરવા માટે જણાવવામાં આવેલ છે, પરંતુ સદર રકમ પણ ગ્રાહક દ્વારા ભરપાઈ કરવામાં આવેલ નથી

આમ મે. જશ મેટલ, ગ્રા. નં. ૨૮૭૮૮, લોડ-૨૦૦ કેવીએ ને વર્ષ ૨૦૧૮-૧૯માં ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વધારે ડીમાંડ (200+35=235 કેવીએ) વાપરવા સબબ આપવામાં આવેલ ભાવપત્રક/મિનિમમ ચાર્જ ની કુલ રકમ ભરવાપાત્ર જ થાય છે તથા ગ્રાહકશ્રી દ્વારા સદર ભાવપત્રકની રકમ ન ભર્યે કંપનીના નિયમાનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ HT વીજગ્રાહક જશ મેટલ, ગ્રા. નં. ૨૮૭૮૮, લોડ-૨૦૦ કેવીએ હયાત હયાત વીજજોડાણ વેરાવળ-શાપર મુકામે ધરાવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં તેમના HT વીજજોડાણમાં લોડ વધારો (200+35=235KVA) વાપરવા અંતર્ગત કંપનીના સપ્લાય કોડ ૨૦૧૫ના ક્લોઝ નં ૪.૯૫ મુજબ આપવામાં આવેલ ભાવપત્રક બાબતે અરજી કરવામાં આવેલ છે. વીજભાર 200 કેવીએ મુજબ ચાર્જ ઉપરાંત વધારાની ડિમાન્ડના રૂપિયા 555 પ્રતિ કેવીએ મુજબ બીલમાં વસુલ કરેલ છે જે રકમ ભરપાઇ કરી આપેલ છે તેમ છતાં મીનીમમ ચાર્જ ફરીથી ભરવાનો ઓર્ડર કાઢવામાં આવેલ છે જેથી વધારાની ડિમાન્ડના બે વખત ચાર્જ ભરવા પડે છે તેમ જણાઈ રહ્યું છે જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે મુદા નં ૩.૧ મુજબ સદર અરજદાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં ગ્રાહક ના લેઝર મુજબ કોન્ટ્રાકટેડ ડીમાંડ ૫% કે તેથી વધારે કુલ પાંચ વખત વીજભાર નો વપરાશ કરેલ માલુમ પડેલ છે.

૪.૩ ઉપરોક્ત બાબતે નામદાર GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નીચે મુજબ છે "In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice

period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand.......”

ઉપરોક્ત બાબતે – **જી.યુ.વી.એન.એલ. ના પત્ર નં. જી.યુ.વી.એન.એલ./કોમ/મિસ/૨૦૧૯/૮૦૩ તા. ૨૩/૦૭/૨૦૧૯ મુજબ સપ્લાય કોડ ૪.૯૫ ની ગાઈડલાઈન્સ મુજબ** “…… The consumer who had exceeded demand beyond contract demand by 5 % or more four times during financial year 2017-18 and if the same consumers have restricted their demand within contract demand during financial year 2018-19, such consumer may not be insisted for enhancement of contract demand. Since, GUVNL (vide letter Dtd:21-04-18 ) has issued guide line upon commencement of financial Year 2018-19 for issuing preliminary notice to such consumers upon occurrence of third violation in the financial Year, they should not be any case during FY 2018-19, if the guideline is followed by Discom….”

ત્યારબાદ સદર બાબતે – પીજીવીસીએલ ની નિગમીત કચેરી દ્વારા પત્ર નં.– **પીજીવીસીએલ / કોમ/ જેએસડી / ૬૬૮૯ તા:૦૨.૦૮.૨૦૧૯ અને પીજીવીસીએલ/ આરસી /કોમ /૭૧૪૯ તા:૧૬.૦૮.૨૦૧૯** થી જરૂરી ગાઈડલાઈન દરેક વર્તુળ કચેરીને માહિતગાર કરેલ છે. તે મુજબ ‘‘….For the EHT/HT and LTMD consumers who had exceeded demand beyond contract demand by 5% or more four times during financial year 2017-18 and also during financial year 2018-19, in such cases, if consumer does not want to actually enhance its contract demand, then we may recover difference of minimum charges leviable from such consumers for the onward period of two years as per applicable tariff for the deemed contract demand as per clause 4.95 and actual contract demand consumer desirous to continue. Also they have to restrict their demand within their contract demand and they have to submit undertaking in this regards that in case of its maximum demand exceed from contract demand even once they will be liable to increase its demand accordingly. .”

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ – અરજદાર દ્વારા કરારીત વીજભાર કરતા – મહતમ વીજવપરાશ નો ઉપયોગ કરેલ હોય તે મુજબ – પેરા નં. ૪.૩ મુજબ ની વિગતે – વિભાગીય કચેરી દ્વારા અરજદાર ને **પત્ર નં.RRD/REV/30 DAYS NOTICE/4576/DT:16.05.2019 અને પત્ર નંબર RRD/512 DT:10.01.2020 થી** નોટીસ પાઠવવામા આવેલ છે, જે નિયમાધીન છે. તે મુજબ – અરજદાર દ્વારા – જે તે સમયે જરૂરી વીજભાર રેગ્યુલરાઈઝ કરવા માટે કોઈ કાર્યવાહી કરાયેલ નથી. આમ, અરજદાર દ્વારા વર્ષ–૨૦૧૮–૧૯ દરમ્યાન અરજદાર દ્વારા કરારીત વીજભાર કરતા ૫% થી વધારે નાણાકીય વર્ષ દરમ્યાન ૪ (ચાર) કે તેથી વધુ વખત મહતમ વીજભાર વીજવપરાશ કરેલ હોય – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ મા કરાયેલ જોગવાઈ નુ સદર અરજદાર દ્વારા પાલન કરાયેલ નથી.

૪.૫ સદર કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૪.૯૫ મા કરાયેલ જોગવાઈ મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને અપાયેલ નોટીસ નિયમાધીન હોય પીજીવીસીએલ દ્વારા અપાયેલ નોટીસ મુજબ – અરજદારે પેરા નં. ૪.૪ મુજબ ની વિગતે જરૂરી વીજભાર રેગ્યુલરાઈઝ કરવા માટે **ભાવપત્રક ની રકમ રૂ. 568189=00 <u>અથવા</u> (4.95 ની નવી ગાઈડ લાઇન મુજબ) રકમ રૂ. 126000=00 બે વર્ષના મિનિમમ ચાર્જ પેટે (જરૂરી બાહેંધરી સાથે) ભરવા માટે** નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે.

**વધુમાં પીજીવીસીએલ દ્વારા** નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ મા કરાયેલ જોગવાઈ **મુજબ અરજદારના વીજબીલમાં વીજભાર વધારા અન્વયે સુઓ-મોટો ભાવપત્રકની રકમ ડેબીટ કરવામાં આવેલ છે જે રકમ ભરપાઈ ન થવાને કારણે તેની ઉપર વિલંબિત ચાર્જ ની રકમ આકારણી કરેલ હોય તો સદર વિલંબિત ચાર્જ ની રકમ રદ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.**

સદર ઓર્ડર ની તારીખથી દિવસ-૧૦ માં અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવે તો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીયમાધીન કાર્યવાહી કરવી.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે. આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯